

## વલસાડ સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્યોની ઢગલાબંધ ફરિયાદો

**ડુંગરીમાં** 43 વર્ષ પછી પણ પોસ્ટ ઓફિસનું બિલ્ડિંગ બન્યું નથી!

વલસાડઃ વલસાડ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક કલેકટર નીતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને કલેકટરાલયમાં મળી હતી. જેમાં ધારાસભ્યોએ રજૂઆતોની વણઝાર લગાડી હતી, તો કલેક્ટરે પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા રજૂ થતાં પ્રશ્નોની સમસ્યાના ઉકેલ સંબંધી જવાબો સંકલન બેઠક પહેલા જ આપી દેવા અમલીકરણ અધિકારીઓને સૂચનાઓ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જ્યાં પણ સરકારી જમીન પર દબાણ હોય, તેનો સરવે કરી, રિપોર્ટ કરો જેથી આગળની કાર્યવાહી કરી શકાય.

બેઠકમાં ધારાસભ્ય રમણભાઇ પાટકરે મરોલી (તા. ઉમરગામ) ના સરવે નં-૭૯ માં ક્ષેત્રફળ હેકટર ૦.૭-૮૩ ચો. મી.ના બદલે ૫૧-૮૭-૪૨ ક્ષેત્રફળ થયું છે. જેમાં સુધારો કરવાનો પ્રશ્ન, સંજાણ બંદરમાં બે ગાળાની જર્જરિત બંધ પ્રા.શાળાની સરકારી જગ્યા અને દહેરી ગામની જમીન, બારિયાવાડ નારગોલમાં અવરજવર માટે રસ્તો બંધ કરવા પ્રશ્ન, વલસાડના ધારાસભ્ય ભરતભાઇ પટેલે ડુંગરી ગામે પોસ્ટ ઓફિસ માટે ૧૯૮૩માં જમીન ફાળવવામાં આવી છે. પરંતુ મકાન નથી બનતુંનો પ્રશ્ન, ડુંગરી ગામે પશુપાલન દવાખાનામાં કાયમી ડોકટર મૂકવા રજુઆત, ધરમપુરના ધારાસભ્ય અરવિંદ પટેલે અંતિરયાળ વિસ્તારોમાં મોબાઇલ નેટવર્કના કારણે ઊભી થતી મુશ્કેલી, વલસાડ ડિસ્ટ્રીકટ બેંક, ધરમપુર શાખામાં પશુપાલકોની સતત ભીડ રહેતી હોય છે, જેથી વ્યવસ્થા ઉભી કરવા તેમજ બીજી બ્રાન્ચ ખોલવા રજુઆત કરી હતી. આ મુદ્દે બેંકના અધિકારીએ ધરમપુર તાલુકાના હનમતમાળમાં નવી શાખા ખોલવા દરખાસ્ત મોકલવામાં આવી હોવાનું જણાવ્યું હતું. ધરમપુરમાં કલ્ચરલ કોમ્યુન બનાવવા થઇ રહેલા વિલંબની રજૂઆત કરી હતી. પીવાના પાણી સંદર્ભે ધરમપુર અને ઉમરગામના ધારાસભ્યોએ રજુઆત કરતાં કલેકટરે પાણી પુરવઠા અધિકારીને પીવાના પાણીની મુશ્કેલી ન પડે તે માટે આયોજન કરવા તેમજ જરૂર જણાય તો અન્ય સુવિધા ઉભી કરી, લોકોને મુશ્કેલી ન પડે તે માટે સૂચના આપી હતી. કલેકટર જિલ્લામાં જેટલા પણ ચેકડેમો છે તેનો તાત્કાલિક ધોરણે સરવે કરવા સાથે ઉપયોગી, બિન ઉપયોગી કે રિપેર કરવા પાત્ર છે તેનો રિપોર્ટ કરવા સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી. ઉપરાંત કચેરીમાં પસ્તી, વાહનો કે ભંગાર સામાનનો દિન-૧૫ માં નિકાલ કરવા સૂચના આપી હતી. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## આમડપોર નજીક જીવણલેણ અકસ્માતમાં મહિલાનું મોત

**11મા** ધોરણમાં ભણતી એકની એક દીકરીને હવે પરિવાજનો હૂંફ આપશે



નવસારીઃ નવસારીના જમાલપોર સ્થિત કૌશલ્યા પાર્કમાં રહેતા મૈત્રીબેન નિરવકુમાર દેસાઈ (ઉ.વ. 41) પોતાની પ્લેઝર મોપેડ પર કોસમાડા ગામે રહેતા બહેનને મળવા જઈ રહ્યા હતા. દરમિયાન મુંબઈથી અમદાવાદ તરફ જતા ટ્રેક પર આમડપોર ઓવરબ્રિજ નજીક પાછળથી પૂરઝડપે આવી રહેલી હાઈવા ટ્રકના ચાલકે ઓવરટેક કરવાની ઉતાવળમાં બેદરકારીપૂર્વક વાહન હંકારી મોપેડને ટક્કર મારી હતી. ટક્કરના કારણે મૈત્રીબેન રોડ પર પટકાયા હતા અને હાઈવાના પાછળના પૈડાં નીચે આવી જતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

નવસારી ગ્રામ્ય પોલીસે હાઈવા ચાલક રાજેન્દ્ર પાટીલ (રહે. સુરત) સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્રણ વર્ષ અગાઉ મૈત્રીબેનના પતિ નિરવભાઈ દેસાઈ નું અવસાન થયું હતું. દીકરીએ માતા-પિતા બંનેનો પ્રેમાળ છાયો ગુમાવ્યો છે.

## ડાંગના સુબીર તાલુકાના ૪૭ આદિવાસીઓની 'ધર્મ વાપસી'

**માંગરોળના** જલેબી હનુમાન મંદિરે યોજાયેલા કાર્યક્રમમાં પુન:હિન્દુ ધર્મ અપનાવ્યો



સાપુતારાઃ ડાંગ જિલ્લાના સુબીર વિસ્તારમાં ભૂતકાળમાં ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરી ચૂકેલા આદિવાસી પરિવારોની સ્વધર્મમાં 'ઘર વાપસી'નો એક મહત્વપૂર્ણ પ્રસંગ સામે આવ્યો છે. સુબીર તાલુકાના આશરે ૪૭ જેટલા આદિવાસી લોકોએ માંગરોળ સ્થિત પ્રસિદ્ધ જલેબી હનુમાન દાદા મંદિરના પટાંગણમાં આયોજિત એક વિશેષ ધાર્મિક કાર્યક્રમમાં પુનઃ હિન્દુ ધર્મ અપનાવ્યો છે. આ ઘર વાપસી કાર્યક્રમ અંતર્ગત ૨૧ મહિલાઓ, ૨૦ પુરુષો તેમજ બાળકો અને યુવાનો સહિતના લોકો શાસ્ત્રોક્ત વિધિથી

હિન્દુ ધર્મમાં પાછા ફર્યા છે. જલેબી હનુમાન મંદિર ખાતે બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર અને હિન્દુ પૂજા વિધિ સંપન્ન કરાવીને આ તમામ પરિવારોને આવકારવામાં આવ્યા હતા. હિન્દુ ધર્મમાં પુન:પ્રવેશ કરવાની સાથે જ આ તમામ લોકોએ વ્યસનમુક્તિના સામૂહિક સંકલ્પ પણ લીધા હતા.આ પ્રસંગે સુબીર તાલુકાના સાતબાબલા ગામના વતની બકુભાઈ ઉલસીયાભાઈ ભોયેએ જણાવ્યું હતું કે, હવે તેઓ પોતાના મૂળ ધર્મને સમજીને પૂરા પરિવાર સાથે સ્વેચ્છાએ હિન્દુ ધર્મમાં પાછા ફર્યા છે.

## VIA દ્વારા હૃદયરોગના નિવારણ અંગે સેમિનાર યોજાયો

**ભાજપા** પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા અને નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિતિ રહ્યા



વાપીઃ વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (VIA) દ્વારા આજે વાપી ખાતે કનુ દેસાઈ VIA ઓડિટોરિયમમાં કોરોનરી ધમની સાથે સંકળાયેલા રોગોના પ્રાથમિક નિવારણ (Primary Prevention of Coronary Artery Disease) વિષય પર એક મહત્વપૂર્ણ અને જાગૃતિલક્ષી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા, સેમિનારમાં હૃદયરોગના જાણીતા નિષ્ણાંત ડૉ. રમેશભાઈ કાપડિયા અને ડૉ. સમીરભાઈ કાપડિયાએ ઉપસ્થિત સૌને કોરોનરી ધમનીના રોગો, તેનાથી બચવાના ઉપાયો અને હૃદયની કાળજી કેવી રીતે રાખવી તે અંગે વિગતવાર, સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમ માં ગુજરાત સરકારના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપ પ્રદેશ મહામંત્રી ડૉ. પ્રશાંતભાઈ, જિલ્લાના પ્રભારી વિનયભાઈ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, ધારાસભ્યો રમણ પાટકર, જીતુભાઈ ચૌધરી, ભરતભાઈ પટેલ, વાપીના મેયર દક્ષાબેન પટેલ, વિઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ, ઉપપ્રમુખ મગનભાઈ સાવલિયા, સેક્રેટરી કલ્પેશભાઈ વોરા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વાપી અને વલસાડ જિલ્લાના અન્ય રાજકીય-સામાજિક આગેવાનો, ઉદ્યોગપતિઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વાપીમાં ચૂંટાયેલા હોદ્દેદારોને પ્રદેશ અધ્યક્ષની ટકોર તમારું વર્તન મહત્વનું



વાપીઃ વાપી કનુ દેસાઈ વીઆઈએ ઓડિટોરિયમમાં શુક્રવારે થોડા સમય પહેલા જ ચૂંટાયેલા સભ્યોને ટકોર કરતા પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આપણે ચૂંટણી જીતી ગયા એટલે આપણી જવાબદારી વધી જાય છે. જો તમે લોકસંપર્ક કરશો તો ચૂંટણી સમયે તમારે કોઈ મુશ્કેલી પડશે નહીં.

ચૂંટાયેલા સભ્યો ગુણવત્તાસભર કામ કરે. તમારું વર્તન અને વ્યવહાર અગત્યના છે. પ્રદેશ અધ્યક્ષ શુક્રવારે વાપીમાં કનુ દેસાઈ વીઆઈએ ઓડિટોરિયમમાં ચૂંટાયેલા સભ્યો અને ભાજપના કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો. તમારી તપસ્યાની જીત છે. જીત બુથના કાર્યકરની જીત છે. પ્રજાએ ભરોસો મૂક્યો એટલે જવાબદારી વધી જાય છે. ચૂંટાયા પછી આ સંગઠનનું કામ છે આપણું નથી એવું કરવું જોઈએ નહીં. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, સાંસદ ધવલભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

## ડુંગરાના 29 ઉદ્યોગકારો 21 લાખનો વેરો ભરી દીધો

**20** દિવસમાં 27500થી વધુ કરદાતાઓએ 11.42 કરોડનો વેરો ભર્યો

વાપીઃ વાપી મહાનગરપાલિકા ઘરવેરા વિભાગે પ્રોપર્ટી ટેક્ષની રીબેટ યોજના બાબતે ડુંગરાના ઉદ્યોગકારો સાથે રૂબરૂ મુલાકાત કરતાં એક જ દિવસમાં રૂ.૨૧ લાખનો વેરો ભરાયો હતો.

કમિશનર એન.એફ. ચૌધરીએ પ્રોપર્ટી ટેક્ષની રીબેટ યોજનાનો મોટી રકમના કરદાતાઓ મોટી સંખ્યામાં લાભ લે અને વધુ વસૂલાત થાય એ માટે પ્રયત્ન કરવા જણાવ્યું હતું. તેના અનુસંધાને નાયબ મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રાણાના માર્ગદર્શનમાં ટેક્ષ સુપ્રિન્ટેન્ડન્ટ રાકેશ ઠક્કર અને ટેક્ષ ઈન્સ્પેકટર દીપક ચભાડિયાએ ઘરવેરા વિભાગની ટીમ સાથે શુક્રવારે ડુંગરાના દમણગંગા ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં ઔદ્યોગિક એકમોની મુલાકાતનું આયોજન કર્યું હતું અને જુનની રીબેટ યોજનામાં નિયમિત 5% રીબેટ સાથે vapicity.in વેબસાઇટથી ઓનલાઈન વેરો ભરવાથી વધુ 1% રીબેટ અપાતું હોવાથી વધુ લાભની યોજનાની માહિતી આપી વેરો ભરવા પ્રોત્સાહિત કરાયા હતા. જેને સારો પ્રતિસાદ મળ્યો છે.

આ અંગે માહિતી આપતા નાયબ મ્યુનિસિપલ કમિશનરએ જણાવ્યું હતું કે તેઓએ આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે કરદાતાઓ આ યોજનાનો દિન પ્રતિદિન વધુને વધુ લાભ લઈ રહ્યા છે. શુક્રવારે એક જ દિવસમાં 2008 કરદાતાઓએ રૂ.82 લાખનો વેરો ભરી ઉત્સાહ બતાવ્યો હતો. જુનના 20 દિવસમાં 27500 થી વધુ કરદાતાઓએ રૂ.11.42 કરોડનો વેરો ભરીને રૂ.55.63 લાખના રીબેટનો લાભ મેળવી લીધો છે. જેમાં 12 ગામ વિસ્તારના 7200 મિલકત ધારકોના રૂ.2.80 કરોડના વેરાનો પણ સમાવેશ થાય છે.

## 3.50 કરોડ યુવાનોને રોજગારી મળશેઃ કનુભાઈ



**વાપીના** રજ્જુ શ્રોફ ઓડિટોરિયમમાં PM-VBRY રાષ્ટ્રીય લાભાર્થી સંવાદ કાર્યક્રમ યોજાયો

વાપીઃ રોજગારીને પ્રોત્સાહન આપવા અને સામાજિક સુરક્ષાનો વ્યાપ વધારવાના હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના (PM-VBRY) હેઠળ શુક્રવાર, ૧૯ જૂને રાષ્ટ્રીય લાભાર્થી સંવાદ કાર્યક્રમ વાપી મહાનગરપાલિકાના પદ્મશ્રી રજ્જુ શ્રોફ ઓડિટોરિયમમાં રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનથી લાઈવ સંબોધન કરી પાત્રતા ધરાવતા કર્મચારીઓ અને નોકરીદાતાઓના બેન્ક ખાતામાં રૂ. ૨૪૦૦ કરોડની પ્રોત્સાહક ધનરાશિનું વિતરણ કર્યું હતું.

વાપીમાં કાર્યરત કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO)ના પ્રાદેશિક કાર્યાલય દ્વારા આયોજિત લાભાર્થી સંવાદ કાર્યક્રમને સંબોધી રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વડાપ્રધાન બન્યા બાદ દેશભરના યુવાધનની આવક કેવી રીતે વધે તે માટે સતત પ્રયત્નશીલ રહી પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના (PM-VBRY) શરૂ કરી છે.

જે અંતર્ગત ૩ કરોડ ૫૦ લાખ યુવાવર્ગને રોજગારી મળશે. જે માટે બજેટમાં રૂ. ૧ લાખ કરોડના ભંડોળની જોગવાઈ કરી છે. વાપી પીએફ ઓફિસ દ્વારા આ યોજનાનું મહત્તમ અમલીકરણ થાય અને યુવાનોને લાભ મળશે એવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ તકે વલસાડ - ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલ, ઈપીએફઓ કચેરીના રિજનલ પીએફ કમિશનર વિજયકુમાર, પોલી કેબ કંપનીના પ્રેસિડેન્ટ રમેશભાઈ કુંડનાણી, લાભાર્થી સુહાની રાવત, મેયર દક્ષાબેન પટેલ, ડે. મેયર મિતેષ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતિષભાઈ પટેલ, દમણ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના પ્રમુખ પવન અગ્રવાલ વગેરે હાજર રહ્યા હતા.

## વાપી RFO સામે મહિલા કર્મચારીની છેડતીની ફરિયાદ બાદ ધરપકડ

**રજિસ્ટર** ચેક કરવના બહાને કેબિનમાં બોલાવી અશોભનીય વર્તન કરતો હતો

વાપીઃ વાપી વન વિભાગ કાર્યાલયમાં ફરજ બજાવતા રેન્જ ફોરેસ્ટર દિનેશ ડામોર સામે ઓફિસમાં જ કામ કરતી મહિલા કર્મચારી દ્વારા છેડતીની ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે. આ મામલે વાપી ટાઉન પોલીસે ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મહિલા કર્મચારી વાપી વન વિભાગની કચેરીમાં ફરજ બજાવે છે. દરમિયાન રેન્જ ફોરેસ્ટર દિનેશ ડામોર દ્વારા ઓફિસના કામકાજના બહાને, ખાસ કરીને રજિસ્ટર ચેક કરવા અથવા અન્ય સરકારી કામગીરીના નામે મહિલા કર્મચારીને પોતાની કેબિનમાં બોલાવવામાં આવતી હતી. ફરિયાદ મુજબ, એકાંતનો લાભ લઈ અધિકારીએ પોતાની મર્યાદા ઓળંગી મહિલા કર્મચારી સાથે અશોભનીય વર્તન કર્યું હતું અને તેની છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ ઘટનાથી ગભરાઈ ગયેલી મહિલા કર્મચારીએ તાત્કાલિક વિરોધ નોંધાવ્યો હતો અને સમગ્ર બનાવ અંગે પોતાના પરિવારજનોને જાણ કરી હતી. પરિવારજનોના સહકારથી મહિલા કર્મચારી વાપી ટાઉન પોલીસ મથકે પહોંચી હતી અને રેન્જ ફોરેસ્ટર વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે વાપી ટાઉન પોલીસે ગુનો નોંધી દિનેશ ડામોરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. સમગ્ર ઘટનાને લઈને વન વિભાગ તેમજ સરકારી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

પોલીસ દ્વારા મામલાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને જરૂરી પુરાવાઓ એકત્રિત કરવાની કામગીરી ચાલી રહી છે.

## ધરમપુરમાં વેપારીની કારમાંથી રૂ.50 હજાર ભરેલી બેગની ચોરી

ધરમપુરઃ હાંસોટ રોડ. અંકલેશ્વર ખાતે રહેતા અને પેરીઝા હેલ્થ કેર નામની દવાની કંપનીની એજન્સી ચલાવતા દેવભાઈ મૈયાભાઈ ચાવડિયા ગુરુવારે તેમની કારમાં દવાના વેપાર અર્થે ઘરેથી બેગમા વેપારના રૂ. 50,000 લઈ નીકળ્યા હતા. આ પાકીટમાં બેંકના પાંચ એટીએમ, આધારકાર્ડ, પાનકાર્ડ ડ્રાઈવિંગ લાયસન્સ તથા છૂટક રૂ. 2500 મૂક્યા હતા. તામછડી મંડળી પાસે જ કાર મુકેલી હતી. દસ મિનિટમાં રોડની સાઈડમાં પોતાની કાર પાર્ક કરી કાર લોક કર્યા વિના નજીકમાં નાળિયેર પાણી પીવા માટે ગયા હતા. બાદ તેમણે ધરમપુર પોલીસ મથક રૂ. 52,500 તથા એટીએમ સહીતનુ પાકીટ મૂકેલી બેગ ચોરીની ફરિયાદ ધરમપુર પોલીસ મથકે નોંધાવી હતી.


DGVCL

## દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ

CIN U40102GJ2003SGC042909

બારડોલી (સં. અને નિ.) વિભાગીય કચેરી

૬૬ કે.વી.એસ.એસ. કંપાઉન્ડ, સુરત-બારડોલી રોડ, ને.હા.નં.-૬, બારડોલી-૩૯૪૬૦૧

DGVCL

ટોલ ફ્રી નં: ૧૯૧૨૩ (કે ૧૮૦૦-૨૩૩-૩૦૦૩)

### વીજપુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ ૬૬ કેવી સબ-સ્ટેશનોમાંથી નીચે જણાવેલ ૧૧ કેવી ફીડરો ઉપર જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે દર્શાવેલ તારીખ અને સમય દરમિયાન વીજ પુરવઠો મળી શકશે નહીં, કામગીરી પૂરી થયે કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

| અ. નં | સબ સ્ટેશનનું નામ | ફીડરનું નામ | પેટા વિભાગીય કચેરી | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ | વાર | સમય |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧ | માંડવી | ૧૧ કેવી બડતાલ જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૨ | માંડવી | ૧૧ કેવી અંધાત્રી જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૩ | કલકવા | ૧૧ કેવી બેડા એજી | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૪ | કલકવા | ૧૧ કેવી સરદાર એજી | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૫ | કલકવા | ૧૧ કેવી કલકવા જેજીવાય | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૬ | બારડોલી | ૧૧ કેવી બબેન જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૭ | બારડોલી | ૧૧ કેવી ધમદોડ-લૂમભા એજી | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૮ | બારડોલી | ૧૧ કેવી ઉમરાખ એજી | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૯ | ઉમરખડી | ૧૧ કેવી લીમધા જેજીવાય | ઉમરખડી | ૬૩૫૭૦૯૭૯૮૨ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૧૦ | ઉમરખડી | ૧૧ કેવી તારાપોર એજી | ઉમરખડી | ૬૩૫૭૦૯૭૯૮૨ | ૨૨.૦૬.૨૦૨૬ | સોમવાર | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૧૧ | ગોદાવડી | ૧૧ કેવી નંદપોરે એજી | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૩.૦૬.૨૦૨૬ | મંગળવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૨ | કસાલ | ૧૧ કેવી પીપરીયા જેજીવાય | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૩.૦૬.૨૦૨૬ | મંગળવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૩ | બારડોલી | ૧૧ કેવી સોયણી જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૩.૦૬.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૪ | બારડોલી | ૧૧ કેવી જેતપુર એજી | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૩.૦૬.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૫ | બેઢા | ૧૧ કેવી કરુઠા જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૩.૦૬.૨૦૨૬ | મંગળવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૧૬ | બેઢા | ૧૧ કેવી સિંગલવાણ એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૩.૦૬.૨૦૨૬ | મંગળવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૧૭ | માણેકપોર | ૧૧ કેવી રામકબીર જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૨૩.૦૬.૨૦૨૬ | મંગળવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૮ | બારડોલી | ૧૧ કેવી સરદાર-ટી-૨ અર્બન | બારડોલી ટાઉન | ૮૯૮૦૮૦૩૮૬૦ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૯ | બેઢા | ૧૧ કેવી કલમકુવા જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૨૦ | બેઢા | ૧૧ કેવી સરકુઇ એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૨૧ | કલકવા | ૧૧ કેવી ડુંગરી જેજીવાય | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૨ | કલકવા | ૧૧ કેવી નળધરા એજી | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૩ | કલકવા | ૧૧ કેવી અલગઢ એજી | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૪ | કડોદ (વાવ) | ૧૧ કેવી કડોદ જેજીવાય | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૫ | કડોદ (વાવ) | ૧૧ કેવી મોરી એજી | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૬ | બારડોલી | ૧૧ કેવી ઉમરાખ એજી | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૭ | મોતા | ૧૧ કેવી કારેલી જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૮ | માણેકપોર | ૧૧ કેવી વાત્સલ્યધામ જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૯ | કસાલ | ૧૧ કેવી ચુડેલ ઇન્ડ | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૩૦ | મહુવા | ૧૧ કેવી નિહાલી જેજીવાય | મહુવા | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૩૧ | મહુવા | ૧૧ કેવી ધોડિકૂઇ એજી | મહુવા | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૨૪.૦૬.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૩૨ | તરસાડી | ૧૧ કેવી ઇસરોલી જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૩૩ | બારડોલી | ૧૧ કેવી બમરોલી એજી | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૩૪ | માંડવી | ૧૧ કેવી માંડવી (ટી) અર્બન | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૩૦ થી ૧૫:૩૦ |
| ૩૫ | માંડવી | ૧૧ કેવી જામનકુવા જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૩૬ | માંડવી | ૧૧ કેવી રામેશ્વર એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૩૭ | માંડવી | ૧૧ કેવી નાનીચેર એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૩૮ | તરસાડા | ૬૬ કેવી તરસાડા સબ-સ્ટેશનના તમામ ફીડર | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૩૯ | કડોડ -૨ | ૧૧ કેવી સુમિત ઇન્ડ | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૪૦ | કડોદ -૨ | ૧૧ કેવી બોલિજ ઇન્ડ | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૪૧ | કાટીસકુવા | ૧૧ કેવી ધામોદલા જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૪૨ | કમલાપોર | ૧૧ કેવી ખંજરોલી એજી | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૪૩ | કમલાપોર | ૧૧ કેવી મહાદેવ જેજીવાય | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૫.૦૬.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૪૪ | મોટી ફ્લોદ | ૧૧ કેવી ખોજ જેજીવાય | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૬.૦૬.૨૦૨૬ | શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૪૫ | મોટી ફ્લોદ | ૧૧ કેવી પણદા એજી | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૬.૦૬.૨૦૨૬ | શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૪૬ | ગોદાવડી | ૧૧ કેવી ગામતલાવ એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૬.૦૬.૨૦૨૬ | શુક્રવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૪૭ | ગોદાવડી | ૧૧ કેવી ગોદાવડી જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૬.૦૬.૨૦૨૬ | શુક્રવાર | ૦૮:૩૦ થી ૧૬:૩૦ |
| ૪૮ | આફવા | ૧૧ કેવી અફવા જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૬.૦૬.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૪૯ | આફવા | ૧૧ કેવી પારડી એજી | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૬.૦૬.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૫૦ | બામણીયા | ૧૧ કેવી નેવાણીયા એજી | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૭.૦૬.૨૦૨૬ | શનિવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૫૧ | બામણીયા | ૧૧ કેવી બારતાડ એજી | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૭.૦૬.૨૦૨૬ | શનિવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૫૨ | બામણીયા | ૧૧ કેવી કાછલ જેજીવાય | બામણીયા | ૮૯૮૦૮૦૩૮૬૫ | ૨૭.૦૬.૨૦૨૬ | શનિવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |

નોંધઃ ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃ દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

કાર્યપાલક ઈજનેરશ્રી (સં. અને નિ.)બારડોલી વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો